# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્વચ્છતા હી સેવાની કચ્છમાં ઉજવણી

**સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીની ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની કચ્છ સહિત સમગ્ર દેશમાં ઉજવણી થઇ રહી છે. આ ઉજવણી અંતર્ગત કચ્છની નગરપાલિકા માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના શહેરોમાં સામાન્ય સફાઈની કામગીરી અંતર્ગત તમામ વાણીજ્ય વિસ્તાર, રહેણાંક વિસ્તારો અને સ્લમ વિસ્તારોની સફાઈ, બાગ-બગીચાઓ, ફૂટપાથ સફાઇ સહિતની કામગીરી હાથ ધરાઇ હતી. આ સાથે જ શહેરીજનોમાં જનજાગૃતિ આવે તે માટે સ્વચ્છતા રેલીનું આયોજન કરાયું હતું. જેમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા તેમજ પદાધિકારીઓ, અગ્રણીઓ તેમજ શહેરીજનોએ સ્વચ્છતા શપથ લીધા હતા.**

**કચ્છ મચ્છોયા આહિર કન્યા વિદ્યામંદિર આદિપુરની 250 જેટલી વિદ્યાર્થિનઓ, શિક્ષકગણ અને ગાંધીધામ મહાનગરપાલિકાના સેનીટેસન વિભાગના કર્મચારીઓએ સાથે મળીને સ્વચ્છતા રેલી યોજી હતી. તો ગાંધીધામ મહાનગરપાલિકાના સફાઈ મિત્રો માટે ટાઉનહોલ ખાતે આરોગ્ય શિબિર યોજાઇ હતી. અંજાર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**તો બીજીતરફ ગ્રામ્યસ્તરે પણ લોકો સક્રીયભાગીદારી સાથે જોડાઇને સ્વચ્છોત્સવની ઉજવણી કરી હતી. જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં સફાઇ અભિયાન અંતર્ગત કામગીરી કરાઇ હતી. શાળા તથા આંગણવાડીકક્ષાએ પણ જાગૃતિ માટે ચિત્ર સ્પર્ધા, "સ્વચ્છતા હી સેવા" ના લોગો સાથે સેલ્ફી પોઈન્ટ બનાવી સ્વચ્છતા જાગૃતિ કેળવી, સ્વચ્છતા રેલી, સ્વચ્છતા અંગે ક્વીઝ, રંગોળી, ચિત્ર, સૂત્રો, વેસ્ટ ટુ આર્ટ ફેસ્ટ વિગેરે જેવી પ્રવૃતિઓ હાથ ધરાઇ હતી.**

---

## GST દર ઘટાડા : આઉટરીચ કાર્યક્રમ

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **GST** દર ઘટાડાના નિર્ણય બાદ તેની જાહેર અને ઔદ્યોગિક અસરો તેમજ નાગરિકોને સીધા આર્થિક લાભો વિશે જાણકારી આપવાના ઉદેશ્યથી સીજીએસટી વિભાગ, ભુજ, કચ્છ કમિશનરેટ દ્વારા આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, ભુજ શાખાના સહયોગથી યોજાયો હતો.

સીજીએસટી, ગાંધીધામના અધિક કમિશનર દેવ પ્રકાશ બામણાવત અને આસિસ્ટન્ટ કમિશનર, અનિલ અગ્રવાલે કાર્યક્રમને સંબોધિત કરીને જીએસટી દર ઘટાડા સંબંધિત નવીન જોગવાઈઓ વિશે જાણકારી આપી હતી. **ICAI** ભુજ શાખાના ચેરમેન ચાર્ટડ એકાઉન્ટન્ટ ભાર્ગવ એન. શંકરવાલા અને ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી દીપ કરોડિયાએ ઉપસ્થિત રહીને જીએસટીના નવા દર વિશે માહિતી આપી હતી તેવું સીજીએસટી વિભાગ, ગાંધીધામ, કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.

---

## માતાના મઢ પદયાત્રી

કચ્છની કુળદેવી આશાપુરા માતાજીના દર્શન માટે પદયાત્રીઓનો પ્રવાહ માતાનામઢ તરફ આગળ વધી રહ્યો છે. અશ્વિન નવરાત્રિના પાવન પર્વ પહેલાં મોટી સંખ્યામાં ભાવિકો પગપાળા ચાલીને મઢ પહોંચી રહ્યા છે. પદયાત્રીઓ માટે કચ્છના તમામ રસ્તાઓ પર હજારોની સંખ્યામાં સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. આ કેમ્પોમાં ચા, નાસ્તો, ભોજન, રહેવાની વ્યવસ્થા અને પ્રાથમિક સારવાર જેવી સુવિધાઓ સેવાભાવી લોકો દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

---

## માતાના મઢ નવરાત્રિ

પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢમાં આસો નવરાત્રિની ભક્તિભાવ સાથે પરંપરાગત ઉજવણી કરવામાં આવશે. નવરાત્રિ પૂર્વે જ મા આશાપુરા માતાજીના મંદિર અને તેના પરિસરને રંગબેરંગી લાઈટોથી શણગારવામાં આવ્યું છે.

શ્રાદ્ધના દિવસોથી જ અહીં યાત્રિકોનું આગમન શરૂ થઈ ગયું છે. આજે વહેલી સવારથી જ માતાના મઢમાં ભાવિકોની ભીડ જોવા મળી હતી. સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન માટે લાંબી કતારો લગાવી હતી. આ ઉપરાંત, માતાના મઢ ગ્રામ પંચાયત દ્વારા ધંધાર્થીઓ માટેના પ્લોટોની ફાળવણીનું કાર્ય પણ આજથી શરૂ કરી દેવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## ચલો જીતે હૈ શોર્ટ ફિલ્મનું સ્ક્રિનિંગ

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ ચલો જીતે હૈ સમગ્ર ભારતમાં પુન: પ્રદર્શિત કરવામાં આવી છે. 2018ની સૌથી વધુ જોવાયેલી ટૂંકી ફિલ્મોમાની આ એક ફિલ્મ છે. સ્વામિ વિવેકાનંદના તત્વજ્ઞાન એ જ જીવે છે જે બીજાઓ માટે જીવે છેને આ ફિલ્મમાં વણી લઇને દેશના 500થી વધુ સિનેમા હોલમાં પ્રદર્શિત કરી ભાવનાત્મક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. ગાંધીધામ ખાતે પણ આ શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરાઇ હતી.  આ ફિલ્મ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બાળપણના એક બનાવથી પ્રેરિત છે.  બાળક નારુ જે સ્વામિ વિવેકાનંદના તત્વજ્ઞાનથી પ્રભાવિત થઇને વિશ્વમાં બદલાવ લાવવા માંગે છે. પુન: ફિલ્મ રિલિઝ નિમિત્તે ચલો જીતે હૈ સેવા કા સન્માન પહેલ શરૂ કરવામાં આવી છે આ પહેલ હેઠળ શાળાઓ અને સમાજમાં સાયલન્ટ હીરો જેમ કે ચોકીદાર, સફાઇ કર્મચારી, ડ્રાઇવર, પટ્ટાવાળા જે રોજિંદા જીવનના સુગમ સંચાલનમાં શાંતિથી યોગદાન આપે છે તેમનુ સન્માન આ તકે કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## સ્વસ્થનારી-સશક્ત પરિવાર પખવાડિયું અંતર્ગત મેડિકલ કેમ્પ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માતા અને બાળકના આરોગ્યને મજબૂત બનાવવા માટે સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું" અંતર્ગત કચ્છમાં વિવિધ સ્થળોએ

**મેડિકલ કેમ્પ યોજાયા હતા. જેનો બહોળી સંખ્યામાં મહિલા, તરૂણીઓ તથા બાળકોએ લાભ લીધો હતો. કોઠારા, ઘડુલી, દયાપર, ગાંધીધામ, દરશડી, ધાણેટી, ભીરંડીયારા, ઝરપરા, ફૂડા જામપર સહિતના ગામોમાં યોજાયેલી આરોગ્ય શિબિરોમાં મહિલાઓની આરોગ્ય ચકાસણીકરવામાં આવી હતી તથા વિવિધ રોગોના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયુ હતું. આરોગ્ય શિબીરમાં માતા અને બાળક સંરક્ષણ કાર્ડ, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના નોંધણી, આયુષ્માન વય વંદના કાર્ડ, સિકલ સેલ કાર્ડ, પોષણ ટ્રેકરમાં લાભાર્થીઓની નોંધણી સહિતની કામગીરી પણ કરાઇ હતી.**

**--------------------------------------------------------------------------------------------**